RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૪૯ તા.૨૪–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં. ૭/૨૩૨૯ અને નોંધ નં. ૭/૨૯૯૫ શ્રાવક શેરીમાં ૪ માળના નવા આર.સી.સી. સળીયા કોલમ, બીમ અને પ્લીન્થ સહિતનાં બાંધકામનાં પ્લાનની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૯/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં. ૭/૨૩૨૯ અને નોંધ નં. ૭/૨૯૯૫ શ્રાવક શેરીમાં ૪ માળના નવા આર.સી.સી. સળીયા કોલમ, બીમ અને પ્લીન્થ સહિતનાં બાંધકામનાં પ્લાનની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /આઉટ નં./ ૨૧૮૬ તા. ૩૧–૦૧–૧૨થી જણાવ્યા અનુસાર માહિતી મેળવવા સુચવેલ ફી ભરવા છતાં માહિતીની નકલો પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા વિશેષતઃ તા. ૭/૮–૨–૧૨ના રોજ ફી ભરવા છતાં માહિતી ન પુરી પાડવા અંગે કારણ સહિત વિગતો મોકલવા** પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૯૨૩ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ આધાર સહ તેમનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૬૫ તા. ૧૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,અરજદારની મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ નં./૨૧૮૬ તા. ૩૧–૧–૧૨થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી માટે દસ્તાવેજ ફી ભરવા પાઠવેલ પત્રની નકલ,પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૦૦ તા. ૯–૩–૧૨ના પત્રથી અરજદારે રસીદ નં. ૧૭૦૩૦૧ તા. ૮–૨–૧૨એ રૂા. ૬/– તથા રસીદ નં. ૧૫૪૧૭૭ તા. ૭–૨–૧૨ એ રૂા. ૧૪/– ભરપાઈ કરતા રજાચિઠ્ઠીની નકલ સહિત માંગ્યા મુજબની માહિતી પુરી પાડયાના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૧૨–૩–૧૨થી પૂરક વિગતોમાં ફી ભર્યા રસીદની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઝોનલચીફ સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન તરફથી માહિતી મેળવવા સુચવેલ ફી ભરવાં છતાં માહિતીની નકલો પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૪–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં મુદ્દા નં. (૧) નોંધ નં. ૭/૨૩૨૯ અને નોંધ નં. ૭/૨૯૯૫ શ્રાવક શેરીમાં ૪ માળના નવા આર.સી.સી. સળીયા કોલમ, બીમ અને પ્લીન્થ સહિતનાં બાંધકામનાં પ્લાનની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૧૮૬ તા. ૩૧–૧–૧૨થી નિયત સમય અવધિમાં " વોર્ડ નં. ૭/૨૩૨૯ ની મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલના રૂા. ૨/– ભર્યેથી મળી શકશે " તેવું જણાવેલ. (૨) સદર નવા બાંધકામનાં પ્લાનની મંજુરી સાથે એન્જીનીયર સીવીલની એફીડેવીટની માહિતીની નકલ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " વોર્ડ નં. ૭/૨૩૨૯ ની મિલકતમાં એન્જીનીયર સીવીલની એફીડેવીટની નકલના રૂા.૪/– ભર્યેથી મળી શકશે" તેવું જણાવેલ. (૩) સદર વિસ્તારના આપશ્રી કચેરીનાં શહેર વિકાસનાં ડેપ્યુટી ઈજનેરની ડીસેમ્બર–૧૨ થી ૩૧

જાન્યુઆરી સુધી પી.ટી.એ.(સાઈડ નોંધપોથી) ની માહિતીની નકલ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " શહેર વિકાસના ડેપ્યુટી ઈજનેરની ડીસેમ્બર–૧૨ થી તા. ૨૫–૧–૧૨ સુધી પી.ટી.એ. ની નકલના નકલદીઠ રૂા. ૨/– લેખે કુલ ૭ પાનાના રૂા. ૧૪/– ભર્યેથી મળી શકશે " તેવું જણાવેલ.

જે અંગે અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે બાદ આધાર સહ તેમનો પક્ષ રજુ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા. ૧૨–૩–૧૨ના પૂરક પત્રમાં જણાવેલ કે આપશ્રી પહેલા અમો અરજદારે મુદ્દા નં. ૧ થી ૩ અંગેની કુલ રૂા. ૨૦/– ફી ભરેલ હોય જેની પૂર્તતા કરાવશો, પછી પ્રથમ અપીલ અરજી અંગેનો અમારો પક્ષ રજૂ કરી શકીએ. અમો અરજદારે તા. ૭–૨–૧૨ અને ૮–૨–૧૨ ના રોજ રસીદ નં. ૧૫૪૧૭૭તથા રસીદ નં. ૧૭૦૩૦૧ થી રૂો ૨૦/– ફી ભરેલ હોય તે માહિતીની નકલ પુરી દિન–૫માં મોકલી આપશો જેથી આપશ્રીનો ઉપરોકત વિષયના સંદર્ભમાં અમારો પક્ષ રજુ કરી શકીએ. માહિતીની નકલો પુરી પાડવાની તસ્દી લેવી નથી, જવાબદારી લેવી નથી અને પ્રથમ અપીલ અરજીના ગુણદોષ અમો અરજદાર માહિતીની નકલો વગર કેવી રીતે પુરી પાડી શકીએ. તેનો નિર્ણય આપશ્રી પર્સોનલ આસી. નોડલ ઓફિસરશ્રી જ જણાવો એવી અમો અરજદારની આપશ્રીને વિનંતી છે તેવું જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ નં./૨૬૦૦ તા. ૯–૩–૧૨થી માહિતીની નકલ પુરી પાડેલ હોવાનું અત્રે રજૂ કરેલ નકલ પરથી જણાય છે.

જાહેર માહિતી અધિકારીએ ફી ભરવા પાઠવેલ પત્ર બાદ અરજદારને ફી ભર્યા પછી પુરી પાડેલ માહિતી કાયદાની કલમ–૭(૩) અને ૭(૬) ની જોગવાઈ સાથે સુસંગત નથી. તેમ છતાં વિલંબથી આપ્યાનું જણાય છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૪–૨–૧૨ ધ્યાને લેતાં ૨૪–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. /૨૧૮૬ તા. ૩૧–૧–૧૨થી નાણાં ભરવા પ્રસ્તાવ કરેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં. ૧૫૪૧૭૭ તથા રસીદ નં. ૧૭૦૩૦૧ થી તા. ૭–૨–૧૨ અને ૮–૨–૧૨ ના રોજ રૂા. ૨૦/– દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ હોય, અરજદારને પુનઃ તેની નકલ પુરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,